વંદેમાતરમ

હિંદનો હીરો



પ્રકાશક કાંતીલાલ મણીદાસ શાહ

ઢોકડીઆની પોળ-અમ

કીમત ૦-૧-૦

લેખક

મણીશંકર વ્રજેશંકર

ઠે. માંડવીની પોળમાં શેઠની પોળ

અમદાવાદ,

શ્રી મહાલક્ષ્મી પ્રીન્ટીંગ પ્રેસમાં ગોરધનલાલ પ્રભુદાસ દ્વારા છાપ્યું રીચીરોડ બાલાહનુમાન—અમદાવાદ.

૧

અમરનામ ક્યારે કરશો, ?

(ગઝલ કવાલી)

અમુલા હીંદના વાસી કરી દેખાડસો ક્યારે.
પરાક્રમ વીરતનું જોતાં ફરી દેખાડસો ક્યારે ?
હતા પુર્વે બહુ મોટા, થાઓ નહી તમે છોટા,
પડયા જે વિર્યના તોટા તમે દેખાડસો ક્યારે ?
કહોછો હીંદ પુત્ર છું, કહોછો હીંદ સુ પુત્ર છું.
થઈ સત્યાગ્રહી હવે સાબીત તમે કરસો ક્યારે ?
વડીલો હીંદના શુરા, શુરાતન જણાવીને.
હીંદ પાવન તા કરતા તમે તે કરસો ક્યારે ?
હતા જ્ઞાનેશ્વરી સુરા. તીલક સમ હતા પુરા.
દીપાવતા હીંદને પુરાઃ તમે તે કરસો ક્યારે,
હમેસાં દેસ હીત ચહાતા. સદા સંપુર્ણ દુખ સહેતા.
મહા બળવાન સુખ દાતા અમર નામ કરસો ક્યારે ?
જગતમાં કીર્તી કરનારા અમરનામ સદા ધરનારા.
અસલ ઉત્સાહ ધરનારા તમે તે કરસો ક્યારે ?
મણીશંકર ઉત્સાહથી બોલે અમરનામ કરે સત્ય તોહે;
સ્વદેસ ભકતી ધરનારા તમે તે કરસો ક્યારે ?

૨

[ભેરવી ગઝલ]

હાર નહી તું હીંદ વીરલા મહેનતે સહુ થાય છે.
સત્ય રીતે કામ કરતાં સફળ મહેનત થાય છે.
જયાં હીંદની કીરતી સદા સંતાનોથી થાય છે.
સ્વરાજ લેવું સહેલી રીતે સંપથી જણાય છે,
હીંદુ અને મુસલમાન ઐકય રાખો હેતથી,
દુરાચારો દુર કરી સંપ રાખો ટેકથી,
હીંદમાં જનમ્યા બધા તે ભાઇઓ સમજાણજો,
ફરજ તમારી સત્ય જાણી કુસંપને તમે ટાળજો,
લેખાં બધાં આ જીંદગીનાં ભુલતાં ફરીથી ગણો.
ફુલે અને ભુલે બધા એ એમ રીત જણાય છે.
એક શ્વાસે કઠીન કામો ઝટતો થાતાં નથી.
આફતો બહુ વેઠતાં ફરજતો પળાય છે,
ધાર્યો નીશાનો સત્યનાં તે કઠીન કામે થાય છે,
ધાર્યો ફળોને પામવા એકયતા જણાય છે,
હીંદ વીરલા જાગ જો વીનતી સુણો માહરી,
અવગુણોને દુર કરી સંપ રાખો જાળવી.

૩

(ગઝલ કવાલી)

પ્યાલો,

અજબ આ હીંદનો પ્યાલો, હમોને પ્રાણુ પ્યારો છે,
અમર પદ પ્રાપ્ત કરનારો સકળને સુખકારી છે.

હમારી ઇષ્ટતા એમાં ગણી છે શ્રેષ્ટતા જેમાં,
સકળ સત્તા હરફ તેમાં હીંદનો પ્રેમ ન્યારો છે,

ફરે જડમાં જીવન ફૂતી ધરે સજીવનની મુર્તી,
અમીમય પ્રેમની પુર્તી હીંદને પ્રેરનારો છે.

હૃદય સર્વસ્વ સોંપીને નીયમ હોરો વિલોપીને,
મનોમન ગાંધીને ભેટો અજબ કંઇ પ્રેમ ધારીને,

ભજે છે હીંદ જન સર્વે ચહે છે સર્વ લોકોતો,
કહે છે જાન જોડી દો પછી કોણુ હારનારો છે,

ભરી છે ઇશની બુદ્ધી મળી ત્યાં હીંદની શકતી,
થઇ છે જયાં દીવ્ય શકતી મહાજન ખેલનારો છે.

હમારી હીંદ માતાને હમારા ગાંધીનાં વચનો,
ભરીને હેતથી પીતાં બીજો બધો લવારો છે.

સ્વરાજ્યનો કનક ક્યારો વીર જનનો સુખ આરો,
સંપ સંપી રહેનારો અમારો એજ પ્યાલો છે.

૪

(કવાલી ગઝલ)

નથી પરવા.

સુખેથી જેલમાં જાસુ' ન આપોતો નથી પરવા,
અમારા દેસને કાજે મલ્યા રત્ન આવ્યું મળવા,
વિદેસી રીતને કાઢી સ્વદેસી રીતને કરવા.
વિદેસી વસ્ત્રોને કાઢી સ્વદેસી વસ્ત્રોને ધરવા.
સ્વદેસી વીરલા જાગો રૂડાનો રે'ટીઆ રાખો.
સુતરનો તાંતણો કાઢી સ્વરાજને સાંધો,
પરદેસી માલને ત્યાગો સ્વદેશી માલને રાખો,
પરદેસી માલતો જાએ સુખેથી આબાદી થાએ.
સ્વદેસી હુન્નરો કાઢી વિદેસી હુન્નરો ટાળી.
સ્વદેસી કામ સૌ કરસો સુખેથી શાંતી જાળવજો,
ગણ્યા આધાર આશાના ટળ્યા વિચાર નીરાસાના,
ભલે આડાં ધરી બાનાં ન આપોતો નથી પરવા,
કરેલા સત્યના દાવો નથી તે પાળતા કૅાલો,
બોલેલા સત્યના બોલો ન પાળો તો નથી પરવા,
મણીશંકરની વીનંતી સુણી હીંદ વીરલાઓ,
હવેતો સત્યથી લેજો સ્વરાજ્ય પોતે દુઃખ ટાળવા,

૫

(ગેઝલ કવાલી)

આડમ ટેક

કદી આકાસ શીર તુટે છતાં એ સત્ય નહી ચુકે,
કદી જો વૃજથી કુટે છતાં એ સત્ય નહી ચુકે.
સુતર તારી લગન લાગી રોમરોમ અંગમાં વ્યાપી,
ન ચાલી જાય ઉર ઇચ્છા છતાંએ સત્ય નહી ચુકે,
પુરો ભલે કેદખાનોમાં સ્વરાજ્ય શબ્દો ઉચ્ચાર્યોમાં,
પ્રગટસે આપ એ જયોતી છતાં એ સત્ય નહી ચુકે.
ઉચારે શબ્દ ગાંધીના ઉઘાડી આંખ સૌ જગની.
જગાડયા હીંદ લોકોને છતાં એ સત્ય નહી ચુકે,
જણાવ્યું સત્ય ગાંધીએ તમેતો સત્યથી બોલો.
રીતી ભીતી નહી ત્યાગો છતાંએ સત્ય નહી ચુકે,
તજસો દેહના બંધો વધારો સ્નેહથી સંબંધો,
હૃદયથી મર્મ બાંધીને ક દીલેસત્ય નહી ચુકે
કરમાએ સરીર સુખે છતાં સ્વરાજ્ય નહી ચુકે,
ઉચ્ચારોતો સદા કાઢો કદીએ સત્ય નહી ચુકે.
કહું છું આજ જોનારા થશો એ સર્વ રોનારા,

કસનારા શીઠ થાશે કદી એ સત્ય નહી ચુકે.

૬

કવાલી ગઝલ

ટેક

અરે ઓ હીંદના વાસી હવે ના રાંપ [illegible].
તમે તો દેશને માટે બધું આપજો [illegible]
નથીતો તો તમો વીરા સત્ય ટેક રાખજો,
સત્યથીજ સ્વરાજ્ય લેવા પ્રભુજી આશરો [illegible]
તીલક જેવા થયા વિરા સત્યથી મોટા ધીર..
અમર પદ તો પોતે લઈને સ્વર્ગે સીધાવ્યા તો વીરા,
સદાનો સુખ છે સત્યમાં અસત્યે આબરૂ જાશે.
સ્વરાજ્ય પોતે લેવું તો ઐક્યતા કરો આજે.
ગુરૂ મળ્યા ગાંધીજી તો સુખ હવે નથી બાકી;
મહમદ જેવા સંગી મળ્યા છે જેણે [illegible] કરી રાખી
શૌકતઅલી સત્ય કાજે આરામ સદા ત્યજે.
[illegible] જેવાનો કીર્તિ માતાની કુખને નમ [illegible],
જેલ જોગવશે દુઃખ વેઠશે અંતે સત્યનો જય થશે

એકયતા પોતે સાધી હાઈને અંતે સત્યાગ્રહ કરસે.
કષ્ટ હુમોની બાન સુ ભીને વેઠાવેલા અકય કરે.
સ્વરાજ્ય લેસો સત્ય ધર્મથી ને દુઃખને સહાકરશો.

ગઝલ કવાલી

૯

નથી જાણ્યો ભેદ હુમોએ તરા દીલને કરીએ
ન આવ્યાં હેતનાં આંસુ ચડાવી સત્ય ટીડાળે,
હુરયા આનાંદથી જ્યાર અમે બ્યાની સહિ રોયા.
અમારા દીલમાં હાવે પધાર્યાં છે ઘણા હીરા.
તિલક જેવા હતા હુરા પધાર્યા સ્વર્ગે પુરા,
ગયા નેથી નહીં બીવાના હુમેનો સત્યમાં તરવાના.
મહમદ અને શૌકત અરે શેર જેલમાં પાતેમરા.
પણ શુથયું એ ગની પણ અમે તો નહિ બીવાના
હુમારિ દીલમાત્મા છે જનેતા એજ સાચી છે,
હૃદયથી ભાવના રાખી સુખેથી શાંતી દાખી.
કહે છે ન્યાય કુદરતનો સત્યતો અંતે તરશે.

અન્યાયી જે હસે તેતો અંતે બહુ દુઃખી થાશે.
માટે મીત્રો તમે મારા પછી સૌ મન ધારો.
ફતેહ થાજો ગાંધીજીની એજ વચન સૌ ઉચ્ચારો.
મણીશંકર વાત કરેછે સાંભળજો તમે નરનારી,
સંપ વિના તરવાની એકે જગમાં બીજી નથી બારી

૮

ગરબો

રાગ—રઘુપતી રામે હૃદયમાં રહેજોરે

ગુણીયલ મ્હારી બેન અસહકારી બનજોરે
તમે સાચો સત્યાગ્રહ કરજો ગુણીયલ
આખા દેશની જેમાં આબાદી રે
પહેરો ખંતથી સરવે ખાદી રે
ત્યારે કહેવાશો સ્વરાજ્ય વાદી ગુણીયલ, ૧
પારદરશક પરદેશી સાડી રે
પહેરે કાયા તો દીસે ઉઘાડી રે
એવી ફેશન નાંખજો કહાડી ગુણીયલ ૨

અંગઢી પોઉકોને ફેનસી ફુરાગો રે
બહેનો સસ્તે એ સત્વર ત્યાગો રે
સાચી ભારતની તનયાઓ જાગો ગુણીયલ. ૩

અતી લાડથી જેને ઉછર્યા રે
જેણે રામ તણાં મન હર્યા રે
એવાં સીતાએ વનકુળ પહેર્યા ગુણીયલ. ૪

દેશ ભકતમાં નામના જેની રે
કીરતી જગમા ગવાશેજ તેની રે
એવાં સ્વય સંરાજની બહેની ગુણીયલ. ૫

દયા દેશની દીલમાં આણી રે
મુકયા પરદેશી વસ્ત્રોનાં પાણી રે
એવાં સરલાદેવી ચોધરાણી ગુણીયલ. ૬

બેની અનસુયાનાં જોઇ કામોરે
દીધો ભારતી માથે વીસામોરે
પ્રસન્ન થઇ કહ્યું સ્વરાજય પામો ગુણીયલ ૭

જેનાં માત પીતા હશે એકરે
વળી કુળમાં હશે જો વીવેકરે
તેતો રાખશે સાચો આ ટેક ગુણીયલ. ૮

ફુળવંતીને ઝાઝુ શું કહીએરે
હવે આટલેથી છાનાં રહીએરે
જરા સમજે તેને શીખ કહીએ ગુણીયલ, ૯
એનો માટી તમારી આ ખામીરે
જોઈ ભારતી લજ્જા પામીરે
કવી રાવ કહે શીર નામી ગુણીયલ. ૧૦

લેખક—અંબાલાલ પ્રહ્લાદજી રાવ કવી નડીયાદ

ગરબો

રાગ—રઘુપતી રામ રૂદેમાં રહેજોરે

સુણો બ્હેની આ સમે શીખ સારી રે,
સુખ સાચું છે સાદાઇ માંહી. સુણો ૧
મોજ શોખને વૈભવ છોડો રે,
દેશ સેવામાં મનડું જોડો રે,
હિન્દ માતાના બંધન તોડો, સુણો. ૨

પહેરો પ્રેમે પનોતી ખાદી રે
એમાં હિન્દ તણી આબાદી રે
પરદેશી પહેરું બરબાદી   સુણો ૩

રેંટીયા ઘરઘરમાંહી ચલાવો રે,
કજીયાને ટંટા અટકાવો રે,
સોના લક્ષ્મી લુંટતી બચાવો   સુણો. ૪

રેંટીએ [illegible] ામી હઠાવે રે.
વેર દુશ્મન [illegible] ના ફાવે રે,
દુઃખ દારિદ્ર દૂર જાવે   સુણો ૫

દુઃખીયાની આંતરડી ઠારો રે,
મરેલાને વધુ ના મારો રે.
રેંટીઆથી દેશને તારો,   સુણો. ૬

૧૦

સ્વરાજ્ય લેવું સહેલ છે એ રાગ

પરદેશી કાપડ છોડો ને સુંદર ખાદી પહેરો, આપણા
ભાઇઓ ગાંધી ભોગવવા પડે છે.

અપકારને [illegible] ને જાદી [illegible] નેપડૂરો મા ।

આળસ [illegible] ત્યાગો રેટી [illegible] મીલી [illegible] મારા

ખાદિની ધૂન લગા[illegible] ખાદિનું તાન [illegible] મારા

અહીં તાકાત [illegible] સૌને [illegible] કરજો, મારા

ઘરમાં સૌને [illegible] ખાદિનો મંત્ર પઢવો [illegible] ।

વિવાહ કે મરણ ટાણે [illegible] કાંણે મારા

શાળ [illegible] છોડાવો એની ગુલામી મારા

વણનારો તાણો [illegible] મા ।

સભામાં આવે સૌપહેલા મન રાખો નહી મેલા મારા

મર્યાદા મોટી છોડી પામર [illegible] નાડો મારા

હિંદમાતા જાણો બાઈઓના દુઃખ તાણો મારા

વાંચો અને વંચાવો

દમના દરદીઓને ખુશખબર.

હમોએ દમ જેવા મહા ભયંકર રોગનું નીવારણ કરવા માટે ઘણોજ પરીશ્રમ લઇ તેમજ ઘણા વર્ષોની જુની અને તાતકાલીક આરામ કરે તેવી વનસ્પતીઓમાંથી શોધેલી ચીજોની બનાવેલી દમની દવાથી દિવસ ૨૧ માંજ આરામ થાયછે દમ ખાંસી સુકી ઉધરસ મટે છે લોહી સુધરે છે ત્થા શરીર પુષ્ટ બનાવે છે.

એક વખત વાપરી ખાત્રી કરો.

કીંમત નં. ૨૧ પડીકાંનો રૂા. ૧) પોષ્ટખર્ચ રૂ. ૦-૬-૦ જુદુ.

પ્રોપરાયટર.

શાહ, ભટની કંપનિ દમની દવા

વાળા ઠે, માંડવીની પોળમાં શેઠની પોળ.

મુા. અમદાવાદ

જાહેર ખબર.

અમારે ત્યાં રાજીવ ખજાનો તથા આગાઓના મરવા વિગેરે કીફાયત ભાવે મળશે, અને થોડા વ ખતમાં મહાનો ખળભળાટ આનાં કુંભારી કન્ય ઉપર કરેલા કાળા ફેર ભાગ ૧ લે બહાર પડશે. દરેક ભાગની કીંમત ૦—૧૦—૦ રાખવામાં આવીછે. રૂ. ૧) થી [illegible] ઓછું વી. પી. કરવામાં આવશે નહિ

મળવાનું ઠેકાણું.

શાહ. બટની કંપની,

માંડવીની પોળમાં શેઠની પોળ નં. ૩૧

અમદાવાદ.